# SSGHની ઘોર બેદરકારી, ૫ દિવસથી લિફ્ટ બંધ ડાયાલિસિસના ગંભીર દર્દીઓને ગોત્રી GMERS હોસ્પિટલના ધક્કા

**તંત્ર** મૂક પ્રેક્ષક, મફત સારવારના દાવા વચ્ચે ગરીબ દર્દીઓ રામભરોસે

**સગાંઓ** જાતે ઊંચકીને લઈ જવા તૈયાર હોવા છતાં તંત્રએ સારવાર આપવાનો સાફ ઇનકાર કર્યો

(પ્રતિનિધિ) વડોદરા. તા.9

ગુજરાતની મધ્યમાં આવેલી અને ગરીબોની જીવાદોરી ગણાતી વડોદરાની સયાજી હોસ્પિટલ ફરી એકવાર વિવાદના વમળમાં સપડાઈ છે. હોસ્પિટલ તંત્રની ઘોર બેદરકારીના કારણે ગંભીર હાલતમાં આવેલા ડાયાલિસિસના દર્દીઓની સારવાર અટવાઈ પડી છે. છેલ્લા ૫ દિવસથી હોસ્પિટલની લિફ્ટ બંધ હોવાના કારણે દર્દીઓને તેમના સગાંઓ સાથે ગોત્રી હોસ્પિટલના ધક્કા ખાવા મજબૂર થવું પડી રહ્યું છે, જેને પગલે દર્દીઓના પરિવારોમાં ભારે આક્રોશ ભભૂકી ઉઠ્યો છે.

સયાજી હોસ્પિટલમાં ડાયાલિસિસ વોર્ડ ઉપરના માળે આવેલો છે. છેલ્લા ૪ થી ૫ દિવસથી આ બિલ્ડિંગની લિફ્ટ ટેકનિકલ ખામીના કારણે બંધ હાલતમાં છે. ડાયાલિસિસ કરાવવા આવતા મોટાભાગના દર્દીઓ ચાલી શકે તેવી સ્થિતિમાં હોતા નથી. ગંભીર દર્દીઓને ઉપરના માળે લઈ જવાનું અશક્ય બનતાં હોસ્પિટલ મેનેજમેન્ટે દર્દીઓની વૈકલ્પિક વ્યવસ્થા કરવાને બદલે સીધા જ



ગોત્રી હોસ્પિટલ રિફર કરવાનું શરૂ કરી દીધું છે. ૨૪ કલાકમાં રિપેર થઈ શકે તેવી સામાન્ય લિફ્ટ ૫ દિવસ સુધી બંધ રહેતા હોસ્પિટલના નબળા મેનેજમેન્ટ અને દર્દીઓ પ્રત્યેની સંવેદનહીનતા સામે અનેક સવાલો ઉભા થયા છે.

હોસ્પિટલની આવી અમાનવીય નીતિનો ભોગ બનેલા દર્દીના પરિવારજન જાવેદ અલી મકરાણીએ પોતાનો આક્રોશ ઠાલવતા આક્ષેપ કર્યો હતો કે, મારા પિતાને ૪ દિવસથી સતત ઉલ્ટીઓ થતી હતી. ઈમરજન્સીમાં સયાજી લાવ્યા તો ડોક્ટરોએ તાત્કાલિક ડાયાલિસિસ જરૂરી હોવાનું કહ્યું. અમે રાજી થયા પણ લિફ્ટ બંધ હોવાનું બહાનું કાઢી ગોત્રી જવાનું કહી દીધું. અમે જાતે જ પિતાને ઊંચકીને ઉપર લઈ જવાની તૈયારી બતાવી, તેમ છતાં હોસ્પિટલે સારવાર આપવાનો સાફ ઈનકાર કરી દીધો.

એક તરફ સરકાર સરકારી હોસ્પિટલોમાં વર્લ્ડ ક્લાસ અને મફત સારવારના મોટા-મોટા દાવા કરે છે. લિફ્ટ જેવી અતિ પ્રાથમિક સુવિધાના અભાવે ગરીબ દર્દીઓને અન્ય હોસ્પિટલોમાં ધકેલી દેવામાં આવે છે. સયાજીમાં મોટાભાગે ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ આવે છે, જેઓ ખાનગી હોસ્પિટલનો મોંઘો ખર્ચ ઉઠાવી શકતા નથી.

હવે જોવાનું એ રહે છે કે આ અહેવાલ બાદ ઘોર નિદ્રામાં સૂતેલું તંત્ર જાગશે ખરું ? શું તાત્કાલિક ધોરણે લિફ્ટ રિપેર કરાવીને ગરીબ દર્દીઓને રાહત અપાશે કે પછી દર્દીઓએ આમ જ હેરાન થતા રહેવું પડશે ?

લઘુ ઉદ્યોગ ભારતી, વડોદરાનું મુની સેવા આશ્રમ, ગોરજ સાથે એમઓયુ

# શહેર નજીકની ૨૮ હજાર MSMEના લાખો કર્મચારીઓને સીધો ફાયદો થશે

**મોંઘામાં** મોંઘી સારવાર રાહત દરે પ્રાપ્ત થતા લોકોનું આર્થિક ભારણ ઓછું થશે

(પ્રતિનિધિ) વડોદરા તા.9

શહેર અને આસપાસની MSME એકમો સાથે વર્ષોથી સંકળાયેલી લઘુ ઉદ્યોગ ભારતી, વડોદરાએ કર્મચારીઓના આરોગ્ય હિતને ધ્યાનમાં રાખી કૈલાશ કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર, મુની સેવા આશ્રમ, ગોરજ સાથે વિશેષ એમઓયુ કર્યો છે. આ કરારથી શહેર અને નજીકના વિસ્તારમાં આવેલી આશરે 28 હજાર રજિસ્ટર્ડ MSMEમાં કાર્યરત લાખો કર્મચારીઓને ગુણવત્તાસભર સારવાર રાહત દરે ઉપલબ્ધ થશે, જેના કારણે તેમના આર્થિક ભારણમાં નોંધપાત્ર ઘટાડો થશે.

લઘુ ઉદ્યોગ ભારતીના પ્રમુખ



વિરલભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે કર્મચારીઓને ઓછી કિંમતમાં અને ઝડપથી આરોગ્ય સેવાઓ મળે તે માટે આ પહેલ કરવામાં આવી છે. એમઓયુ હેઠળ લેબોરેટરી તપાસ, ઈમેજિંગ, બાયોપ્સી, સાયટોલોજી, હિસ્ટોપેથોલોજી, સ્પેશિયાલિસ્ટ કન્સલ્ટેશન, હેલ્થ ચેક-અપ, કેન્સર સ્ક્રીનિંગ કેમ્પ અને રિસ્ક એસેસમેન્ટ જેવી સેવાઓ ઉપલબ્ધ કરાશે.

આ ઉપરાંત મેડિકલ, રેડિયેશન અને સર્જિકલ ઓન્કોલોજી, ડે-કેર ટ્રીટમેન્ટ, પેઈન મેનેજમેન્ટ, પેલિએટિવ કેર, સાયકોલોજિકલ કાઉન્સેલિંગ, ફિઝિયોથેરાપી, રિહેબિલિટેશન, ટેલિકન્સલ્ટેશન, સેકન્ડ ઓપિનિયન અને કેન્સર નિવારણ જેવી સુવિધાઓનો પણ લાભ મળશે. આ પહેલ ઉદ્યોગકારો અને કર્મચારીઓના આરોગ્ય સુરક્ષા ક્ષેત્રે મહત્વપૂર્ણ સાબિત થશે.

# મંડપ બાંધતા અને ચાલવા નીકળેલા યુવકો પડી જતાં ઈજાગ્રસ્ત થયા

**રાત્રિના** સમયે બનેલી ઘટનાઓમાં ઇજાગ્રસ્ત બંને યુવકોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા

(પ્રતિનિધિ), વડોદરા. તા.9

શહેરમાં ગત રાત્રિના સમયે બે અલગ-અલગ વિસ્તારોમાં અકસ્માતે પડી જવાની ઘટનાઓ સામે આવી છે. જેમાં તરસાલી વિસ્તારમાં મંડપ બાંધતી વખતે એક ૨૮ વર્ષીય યુવાન પહેલા માળેથી નીચે પટકાયો હતો, જ્યારે કપુરાઈ ગામમાં રાત્રે ચાલવા નીકળેલો અન્ય એક યુવક અચાનક પડી જતાં ઈજાગ્રસ્ત થયો હતો. બંને ઈજાગ્રસ્તોને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

તરસાલીના મોતીનગરમાં રહેતો ૨૮ વર્ષીય રવિન્દ્ર ચંદુભાઈ પરમાર મંડપ ડેકોરેશનના વ્યવસાય સાથે સંકળાયેલો છે. ગત રાત્રે આશરે ૮:૦૦ વાગ્યાના સુમારે તે તરસાલીના શરદ નગર વિસ્તારમાં એક સ્થળે મંડપ બાંધવાની કામગીરી કરી રહ્યો હતો. આ દરમિયાન કામના વ્યસ્ત શિડ્યુલ વચ્ચે અચાનક સંતુલન બગડતાં રવિન્દ્ર પહેલા માળેથી સીધો નીચે પટકાયો હતો. ઊંચાઈ પરથી પડવાને કારણે તેને શરીરે ઈજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે આસપાસના લોકો અને સાથી શ્રમિકો દોડી આવ્યા હતા અને રવિન્દ્રને તુરંત જ સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

અન્ય બનાવમાં કપુરાઈ ગામમાં પણ આવી જ એક અણધારી ઘટના પ્રકાશમાં આવી છે. કપુરાઈ ગામમાં રહેતો ૨૮ વર્ષનો સુનિલ દામાભાઈ રાઠોડ ગત રાત્રે પોતાના ઘર નજીક ચાલવા માટે નીકળ્યો હતો. દરમિયાન રસ્તા પર ચાલતા ચાલતા અચાનક જ કોઈ કારણસર તેનું સંતુલન ખોરવાયું હતું અથવા ચક્કર આવી જતાં તે રસ્તા પર જ પટકાયો હતો. અચાનક પડી જવાથી સુનિલને પણ નાની-મોટી ઈજાઓ થઈ હતી. સ્થાનિક લોકોની મદદથી તેને તાત્કાલિક સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.

# ફતેગંજ વિશ્વામિત્રી નદી પટમાં સૂકા ઘાસમાં આગથી તંત્રમાં દોડધામ

(પ્રતિનિધિ) વડોદરા,તા.9

વડોદરાના ફતેગંજ વિસ્તારમાં વિશ્વામિત્રી નદીના પટમાં બપોરે અચાનક આગ ભભૂકી ઉઠી હતી. વિશ્વામિત્રી નદી કાંઠે ઉગેલા સૂકા ઘાસમાં લાગેલી આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આકાશમાં ધુમાડાના ગોટેગોટા દેખાવા લાગ્યા હતા.

આગની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. પવનના કારણે આગ ઝડપથી ફેલાઈ રહી હતી અને રહેણાંક વિસ્તાર તરફ આગળ વધી રહી હતી. ફાયર ફાઈટરોએ સમયસૂચકતા વાપરી પાણીનો મારો ચલાવી ગણતરીની મિનિટોમાં આગ પર કાબૂ મેળવી લીધો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. જો ફાયર બ્રિગેડ સમયસર ન પહોંચી હોત તો આગ નજીકની ઝૂંપડપટ્ટી અને રહેણાંક વિસ્તાર સુધી પહોંચી શકી હોત અને મોટી દુર્ઘટના સર્જાઈ હોત. ફાયર બ્રિગેડની સતર્કતાથી મોટું નુકસાન ટળી ગયું છે.

પવનના જોરદાર ઝાપટાને કારણે બનેલી ઘટના

# સયાજી હોસ્પિટલની સેન્ટ્રલ લાઈબ્રેરીના ટેરેસ પરથી પ્લેટો તૂટી પડી : કોઈ જાનહાની નહીં

(પ્રતિનિધિ), વડોદરા. તા.9

વડોદરા શહેરની સયાજી હોસ્પિટલ પરિસરમાં આજે એક મોટી દુર્ઘટના સર્જાતા સર્જાતા રહી ગઈ હતી. હોસ્પિટલના મુખ્ય ઓપીડી વિભાગની બિલકુલ સામે આવેલી સેન્ટ્રલ લાઈબ્રેરીની નવી ઈમારતના ટેરેસ પરથી અચાનક દિવાલમાં લગાવવામાં આવેલી ભારે પ્લેટો નીચે તૂટી પડી હતી. પવનના જોરદાર ઝાપટાના કારણે બનેલી આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. જોકે, હોસ્પિટલના સિક્યુરિટી સ્ટાફે સમયસૂચકતા વાપરીને તકેદારીના ભાગરૂપે સંબંધિત રસ્તો તાત્કાલિક અસરથી બંધ કરી દેતા મોટો અકસ્માત અટક્યો હતો.

જે સ્થળે આ પ્લેટો તૂટીને પડી હતી, તે વિસ્તાર સયાજી હોસ્પિટલનો સૌથી ધમધમતો ભાગ માનવામાં આવે છે. સેન્ટ્રલ લાઈબ્રેરીની સામે જ ઓપીડી વિભાગ હોવાથી અહીં વહેલી સવારથી જ



હજારો દર્દીઓ, તેમના સગા-સંબંધીઓ તેમજ મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફની સતત અવરજવર રહેતી હોય છે. ઘટનાને નજરે જોનારા લોકોમાં એવી ચર્ચા વ્યાપી ગઈ હતી કે, જો આ પ્લેટો સવારના પીક-અવર્સ દરમિયાન પડી હોત, તો અનેક લોકો તેની ઝપેટમાં આવી શકત અને મોટી જાનહાનિ થવાની પૂરેપૂરી આશંકા હતી. સદનસીબે ઘટના સમયે ત્યાં કોઈ હાજર ન હોવાથી મોટી હોનારત ટળી છે.

આ ઘટનાને પગલે હવે હોસ્પિટલ પ્રશાસન અને કોન્ટ્રાક્ટર સામે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સામાન્ય જનતામાં એ સવાલ ઉઠી રહ્યો છે કે તદ્દન નવી બનેલી ઈમારતમાં સામાન્ય પવનના ઝાપટામાં પણ આવી ઘટના કેવી રીતે બની શકે ? આ બનાવથી ઈમારતના બાંધકામ અને તેની જાળવણીની કામગીરીની ગુણવત્તા સામે મોટા પ્રશ્નાર્થ ચિહ્નો ઉભા થયા છે. સ્થાનિકો અને દર્દીઓના સગાંઓ માંગ કરી રહ્યા છે કે આવી જાહેર ઉપયોગની મહત્વની ઈમારતોનું તંત્ર દ્વારા થર્ડ પાર્ટી ઓડિટ થવું જોઈએ અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે નિયમિત તપાસ અનિવાર્ય છે.

સયાજી હોસ્પિટલ એ વડોદરાના પ્રજાવત્સલ મહારાજા સયાજીરાવ ગાયકવાડના દુરંદેશી વિઝનનું અમૂલ્ય પ્રતિક છે. સ્થાપના કાળથી જ આ હોસ્પિટલ માત્ર વડોદરા જ નહીં, પરંતુ સમગ્ર મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત અને આસપાસના આદિવાસી વિસ્તારોના લાખો ગરીબ અને મધ્યમવર્ગીય દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે.

MSUના પ્રોફેસરોનું આંતરરાષ્ટ્રીય ફલક પર ગૌરવ

# બ્લોકચેનથી હેલ્થકેર સુરક્ષિત કરતા રિસર્ચને બેસ્ટ પેપર એવોર્ડ

**માર્કેટિંગ** ગુરુ ફિલિપ કોટલરની હાજરીમાં સન્માન

(પ્રતિનિધિ) વડોદરા,તા.9

ગુજરાતનું શિક્ષણ જગત આંતરરાષ્ટ્રીય સ્તરે ફરી એકવાર ચમક્યું છે. એમએસ યુનિવર્સિટી, વડોદરાના કોમર્સ ફેકલ્ટીના ત્રણ પ્રોફેસરોના સંશોધનને વૈશ્વિક સ્તરે શ્રેષ્ઠતાનું સન્માન મળ્યું છે. ડો. ભૂમિત શાહ, અંકિતા માથુર અને શ્વેતા ઓઝાના રિસર્ચ પેપરને બેસ્ટ રિસર્ચ પેપર એવોર્ડ એનાયત થયો છે.

ભાવનગરની જ્ઞાનમંજરી ઈનોવેટિવ યુનિવર્સિટી દ્વારા આયોજિત મેનેજમેન્ટ, કોમર્સ અને આર્ટ્સ કોન્ફરન્સમાં આ ગૌરવ પ્રાપ્ત થયું છે. કોન્ફરન્સમાં રજૂ થયેલા કુલ 260 રિસર્ચ પેપર્સમાંથી એમએસયુના પ્રોફેસરોના પેપરને ટોચનું સન્માન મળ્યું છે. આ પ્રસંગે



વિશ્વવિખ્યાત માર્કેટિંગ ગુરુ ડો.ફિલિપ કોટલર મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સંશોધનનો વિષય પ્રાઈવસી પરમિશન એન્ડ પાર્ટીસિપેશન 3Ps: કન્સેપ્ટચ્યુઅલ ફ્રેમવર્ક ફોર બ્લોકચેન ઈન હેલ્થકેર છે. હાલની મેડિકલ રેકોર્ડ સિસ્ટમમાં રહેલી ખામીઓ જેવી કે ડેટા લીક થવો અને દર્દીના કંટ્રોલનો અભાવ દૂર કરવા માટે આ સંશોધનમાં બ્લોકચેન ટેક્નોલોજી અને ક્રિપ્ટોગ્રાફી પર આધારિત એક સુરક્ષિત મોડેલ રજૂ કરાયું છે. આ મોડેલ ડેટા મેનેજમેન્ટના ઈનપુટ, પ્રોસેસ અને આઉટપુટને વ્યવસ્થિત કરે છે. તે દર્દીઓની ડેટા માલિકી વધારે છે અને હોસ્પિટલોનો વહીવટી બોજ ઘટાડે છે.

# પિતાની નિવૃત્તિના પૈસાનો હિસાબ લોહીયાળ બન્યો, ભાઈએ જ ભાઈને મોતને ઘાટ ઉતાર્યો

**કલાલીમાં** રહેતા વિજયભાઈ રાઠવા પિતાના રીટાયરમેન્ટના નાણાંની વહેંચણી માટે વતન ગયા હતા

(પ્રતિનિધિ) વડોદરા. તા.9

પૈસાની લાલચ અને પારિવારિક વિખવાદમાં વધુ એક વખત લોહીના



સંબંધો લજવાયા છે. પિતાની નિવૃત્તિ બાદ મળેલા નાણાંના હિસાબ અને વહેંચણી બાબતે સગા ભાઈઓ વચ્ચે થયેલો વિવાદ આખરે હત્યામાં પરિણમ્યો છે. વડોદરાના કલાલી વિસ્તારમાં રહેતા વિજયભાઈ રાઠવા નામના શખ્સ પર તેમના જ સગા ભાઈએ માથાના ભાગે જીવલેણ હુમલો કરતા, સારવાર દરમિયાન વડોદરાની સયાજી હોસ્પિટલમાં તેમનું મોત નીપજ્યું છે. પોલીસે આ મામલે સગા ભાઈ સામે હત્યાનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઘટનાની વિગત એવી છે કે, વડોદરાના કલાલી વિસ્તારમાં આવેલી ચાણક્ય નગરીમાં વિજયભાઈ રાઠવા પોતાના પરિવાર સાથે રહેતા હતા. તાજેતરમાં તેમના પિતાજી સરકારી સેવામાંથી નિવૃત્ત થયા હોવાથી, તેમને નિવૃત્તિના મળેલા પૈસાના હિસાબ-કિતાબ અને વહેંચણી માટે વિજયભાઈ પોતાના વતન કવાંટ ખાતે ગયા હતા. જ્યાં પરિવારના સભ્યો અને ભાઈઓ વચ્ચે પૈસાની બાબતે ચર્ચા ચાલી રહી હતી, તે દરમિયાન અચાનક મામલો બિચક્યો હતો. ભાઈઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝઘડો શરૂ થયો હતો. આ ઉગ્ર ઝઘડા દરમિયાન આવેશમાં આવી ગયેલા સગા ભાઈએ વિજયભાઈ પર ઘાતક હુમલો કરી દીધો હતો. ભાઈએ વિજયભાઈના માથાના ભાગે ગંભીર ફટકા મારી દેતા તેઓ લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યા હતા. ઘટનાની ગંભીરતાને જોતા કવાંટ પોલીસે તાત્કાલિક ધોરણે હત્યાનો ગુનો દાખલ કર્યો છે. પરિવાજનોના નિવેદન નોંધીને ફરાર આરોપી ભાઈને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

ત્યારબાદ વિજયભાઈને તાત્કાલિક ધોરણે પ્રાથમિક સારવાર માટે બોડેલીની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જો કે, માથાના ભાગે ગંભીર ઈજાઓ હોવાના કારણે તેમની તબિયત વધુ લથડી હતી. જેથી ફરજ પરના તબીબોની સલાહ અનુસાર તેમને વધુ સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન રાત્રિના સમયે વિજયભાઈએ અંતિમ શ્વાસ લેતા હોસ્પિટલ પરિસરમાં જ પરિવારજનોના આક્રંદથી ગમગીની છવાઈ ગઈ હતી. પોલીસે વિજયભાઈના પાર્થિવ દેહને પીએમ અર્થે ખસેડી આગળની તપાસ શરૂ કરી છે.

# કપુરાઈ, દંતેશ્વર અને કમાટીબાગ વિસ્તારમાંથી દબાણ શાખાનો સફાયો

**વન ડે** વન રોડ અંતર્ગત લાખોનો સામાન જપ્ત, કપુરાઈમાં પાકી દીવાલો અને ઓટલા તોડી પડાયા, રોડ રસ્તા ખુલ્લા કરાયા

(પ્રતિનિધિ) વડોદરા. તા.9

વડોદરા મહાનગરપાલિકા દ્વારા આજે શહેરના વિવિધ વિસ્તારોમાં ટ્રાફિક અને રાહદારીઓને નડતરરૂપ અડીંગો જમાવીને બેઠેલા દબાણકર્તાઓ સામે એક મોટી અને કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. પાલિકાની દબાણ અને સિક્યુરીટી શાખાએ સવારથી જ જુદી જુદી ટીમો બનાવીને શહેરના પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ ઝોનમાં સપાટો બોલાવ્યો હતો અને ગેરકાયદેસર દબાણો દૂર કરી રસ્તાઓ ખુલ્લા કરાવ્યા હતા.

પાલિકાની દબાણ વિરોધી શાખા દ્વારા શહેરના મુખ્ય આકર્ષણ એવા સયાજીબાગના ગેટ નંબર ૧, ૨ અને ૩ ની આસપાસ ખડકાયેલા તમામ કામચલાઉ અને ગેરકાયદેસર દબાણોને હટાવી દેવામાં આવ્યા હતા. આ ઉપરાંત દંતેશ્વર બંસલ મોલ રોડ પર દર્શનમ્ની સામે તેમજ દંતેશ્વર ગાર્ડન પાસે રસ્તા પર અડચણ ઉભી કરતા દબાણકર્તાઓ સામે પણ કડક કાર્યવાહી કરીને જગ્યા ખાલી કરાવવામાં આવી હતી.

શહેરમાં ટ્રાફિકની સમસ્યા નિવારવા માટે વોર્ડ નંબર ૩ ની ટીમને સાથે રાખીને "વન ડે વન રોડ" ઝુંબેશ ચલાવવામાં આવી હતી. જે અંતર્ગત મોતીભાઈ પટેલ સર્કલથી લઈને ઊર્મિ સ્કૂલ સુધીના સમગ્ર માર્ગ પરથી તમામ નાના-મોટા દબાણો દૂર કરવામાં આવ્યા હતા અને દબાણકર્તાઓનો સામાન પાલિકાની ટીમ દ્વારા જપ્ત કરી લેવામાં આવ્યો હતો.

સૌથી મોટી કાર્યવાહી ટી.પી. ૪૦ કપુરાઈ વિસ્તારમાં આદિત્ય પેરેડાઈઝ પાસે જોવા મળી હતી. અહીં ૧૨.૦૦ મીટરના જાહેર રોડમાં નડતરરૂપ બનતી ફેન્સિંગની પાકી દીવાલ તેમજ ગેરકાયદેસર રીતે બનાવવામાં આવેલા ઓટલાઓ પર પાલિકાનું બુલડોઝર ફરી વળ્યું હતું. કોઈપણ પ્રકારનો કાયદો અને વ્યવસ્થાનો પ્રશ્ન ઊભો ન થાય તે માટે દબાણ શાખા અને ટી.ડી.ઓ. વિભાગની ટીમની સાથે કપુરાઈ પોલીસ સ્ટેશનનો કાફલો તથા ફાયર બ્રિગેડની ટીમને પણ સ્થળ પર તૈનાત રાખવામાં આવી હતી.

# પ્રગતિપથ યાત્રા અંતર્ગત આજે ગતિ શકિત વિશ્વવિદ્યાલય ખાતે કાર્યક્રમ

(પ્રતિનિધિ) વડોદરા, તા.9

રાજ્યના તમામ નાગરીકો, લોકપ્રતિનિધિઓ,વિધાર્થીઓ,પ્રતિષ્ઠિત વ્યકિતિઓ અને સમાજના વિવિધ વર્ગો વિકાસની પ્રક્રિયામાં જોડાય તે માટે સરકારના વિવિધ વિભાગોના આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાના શ્રેષ્ટ પ્રોજેક્ટો, વિકાસલક્ષી કાર્યો,પ્રવાસન સ્થળો,યાત્રાધામો,શૈક્ષણિક સંસ્થાઓ સહકારી પ્રવૃતિઓ અને લોકભાગીદારી આધારીત વિકાસ મોડેલોના પ્રદર્શન તથા જનજાગૃતિ માટે 'પ્રગતિપથ યાત્રા' નુ આયોજન કરવામાં આવ્યું છે.

જે અન્વયે વડોદરા જિલ્લામાં આગામી તા.૧૪ જુન-૨૦૨૬ સુધી વિવિધ કાર્યક્રમોનુ આયોજન જિલ્લા કક્ષાએથી નિર્ધારીત કરવામાં આવ્યું છે. આયોજન મુજબ આજે તા.૧૦/૦૬/૨૦૨૬, બુધવારના રોજ સવારે ૦૯:૦૦ કલાકે "ગતિ શકિત વિશ્વવિદ્યાલય" વડોદરા ખાતે 'પ્રગતિપથ યાત્રા' કાર્યક્રમ વિવિધ મહાનુભાવોની ઉપસ્થિતીમા યોજાશે. જેમા ઉપસ્થિત રહેવા જિલ્લા તંત્ર દ્વારા અખબારીયાદીમા જણાવાયું છે.

# ડાયમંડ ડેઝલર્સની રોમાંચક જીત, પૃથ્વી પેન્થર્સને 3 રને હરાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.9

હાઈ-સ્કોરિંગ અને રોમાંચક મેચમાં ડાયમંડ ડેઝલર્સે પ્રુથ્વી પેન્થર્સને 3 રનથી હરાવી યાદગાર જીત નોંધાવી હતી. પ્રથમ બેટિંગ કરતાં ડાયમંડ ડેઝલર્સે 19.5 ઓવરમાં 6 વિકેટે 203 રન બનાવ્યા હતા. મિતેશ પટેલે 76 અને નજીમ પટેલે 50 રનની આક્રમક ઈનિંગ્સ રમી હતી. 204 રનના લક્ષ્યાંકનો પીછો કરતી પ્રુથ્વી પેન્થર્સ તરફથી પ્રિયાંશુ મોલિયાએ 50, નિત્ય પંડ્યાએ 47 અને વિશ્વ ચૌધરીએ 41 રન બનાવી જોરદાર લડત આપી હતી. જોકે અંતિમ ઓવરમાં ડાયમંડ ડેઝલર્સના બોલરોએ દબાણ વચ્ચે શાનદાર પ્રદર્શન કરતાં પ્રુથ્વી પેન્થર્સને 20 ઓવરમાં 7 વિકેટે 200 રન સુધી જ સીમિત રાખી હતી. અભિમન્યુ રાજપૂતે 2 વિકેટ ઝડપી હતી.


**વડોદરા મહાનગરપાલિકા**

www.vmc.gov.in

**આકારણી શાખા**

**એડવાન્સ વેરા પ્રોત્સાહક વળતર યોજના વર્ષ ૨૦૨૬-૨૭**

વડોદરા મહાનગરપાલિકા દ્વારા વડોદરા શહેરની હદમાં આવેલી તમામ મિલકતોના સને ૨૦૨૬-૨૭ ના વર્ષ માટે કુલ મિલકત વેરાની રકમ પાછલા વર્ષોની બાકી સહ પુરેપુરી એડવાન્સમાં ભરપાઈ કરનાર કરદાતાઓ માટેની એડવાન્સ વેરા પ્રોત્સાહક વળતર યોજના વર્ષ:૨૦૨૬-૨૭

- રહેણાંક હેતુ ની મિલકતના પ્રોપર્ટી ટેક્ષમાં ૧૦ % વળતર
- બિન રહેણાંક હેતુની મિલકતના પ્રોપર્ટી ટેક્ષની રકમમાં ૫ % વળતર, તથા
- ઉપરોક્ત બંન્ને કિસ્સામાં એડવાન્સમાં વેરાની રકમ ઓનલાઈન ભરનાર કરદાતાઓને વધુ ૧% વળતર આપવાની યોજના જાહેર કરેલ છે. વધુમાં કોઈ કરદાતાઓ ચાલુ નાંણાકીય વર્ષના મિલકતવેરાની રકમ સદર યોજના દાખલ થતા પહેલાં એડવાન્સમાં ભરેલ હોય તો તેઓને પણ સદર યોજનાનો લાભ આપવામાં આવશે.
- સદર યોજનાનો અમલ તારીખ તા.૧૦-૦૬-૨૦૨૬ થી તા.૨૪-૦૭-૨૦૨૬ સુધીનો રહેશે.
- કરદાતાઓએ જે તે મિલકતનો વર્ષ ૨૦૨૬-૨૭ નો પ્રોપર્ટી ટેક્ષ આગળના વર્ષોની કોઈ રકમ બાકી હોય તો તેની સાથે ભરે તો જ આ યોજનાનો લાભ આપવામાં આવશે.
- સદર વળતર પ્રોપર્ટી ટેક્ષની રકમ પૈકી સામાન્ય કર, પાણીકર અને કન્ઝરવન્સી અને સુએરેઝ ટેક્ષની રકમ પર મળવાપાત્ર રહેશે.

ઉપરોક્ત યોજનાનો લાભ લેવા તમામ કરદાતાઓને જણાવવામાં આવે છે. મિલકત વેરાની રકમ કોઈ પણ વહીવટી વોર્ડ નં. ૦૧ થી ૧૯ ની કચેરીમાં કામકાજનાં દિવસ દરમ્યાન સવારના ૯.૩૦ કલાકથી બપોરના ૩.૦૦ કલાક સુધીમાં રૂબરૂ તથા વડોદરા મહાનગરપાલિકાની વેબસાઈટ www.vmc.gov.in પર ઓનલાઈન પણ ભરી શકાશે.

પી.આર.ઓ નં./૧૫૨/૨૦૨૬-૨૭ મ્યુનિસિપલ કમિશનર


રીક્ષા ચાલક યુનિયનની અરજી પર સુનાવણી; મહિનામાં જવાબ રજૂ કરવા આદેશ

# 10 વર્ષ જૂની રિક્ષાઓ પર દૈનિક રૂ.50 દંડ સામે હાઈકોર્ટમાં પડકાર, કેન્દ્ર સહિતના વિભાગોને નોટિસ

**દંડથી** હજારો ચાલકો પર આર્થિક બોજો, અન્ય રાજ્યોમાં આવા નિયમને ગેરકાયદેસર ઠેરવાયાનો દાવો

(પ્રતિનિધિ) વડોદરા,તા.9

10 વર્ષથી જૂની પરમિટવાળી રીક્ષાઓનું ફિટનેસ સર્ટિફિકેટ એક્સપાયર થયા બાદ કેન્દ્ર સરકાર દ્વારા દિવસના 50 લેખે વસૂલાતા દંડને ગેરકાયદેસર ગણાવી વડોદરા શહેર જિલ્લા રીક્ષા ચાલક યુનિયને હાઈકોર્ટ ઓફ ગુજરાતમાં અરજી દાખલ કરી છે. એડવોકેટ રામકૃષ્ણ દવે મારફતે દાખલ કરાયેલી અરજી R/SCA/7325/2026 ની સુનાવણી હાથ ધરી હાઈકોર્ટે જવાબદાર વિભાગોને નોટિસ પાઠવી 1 મહિનામાં જવાબ માંગ્યો છે.

કેન્દ્ર સરકારના નિયમ મુજબ 10 વર્ષથી વધુ જૂના પરમિટવાળા વાહનોનું ફિટનેસ સર્ટિફિકેટ એક્સપાયર થયા બાદ પ્રતિ દિવસ 50 દંડ વસૂલવામાં આવે છે. યુનિયનની દલીલ છે કે, આ દંડને કારણે ગુજરાતના હજારો રીક્ષા ચાલકોને મસમોટી રકમ ભરવી પડે છે. જે તેમની રોજીરોટી છીનવી લે તેવો અને આર્થિક રીતે પાયમાલ કરે તેવો છે. અરજીમાં રજૂઆત કરાઈ છે કે, તામિલનાડુ, કર્ણાટક અને રાજસ્થાન હાઈકોર્ટે આવા દંડને ગેરકાયદેસર ઠરાવ્યો છે અને તે રાજ્યોમાં આ પ્રકારનો દંડ વસૂલવામાં આવતો નથી.

ગુજરાતમાં પણ વર્ષ 2017માં હાઈકોર્ટે આવા જ દંડને ગેરકાયદેસર ગણાવી સ્ટે આપ્યો હતો. તેમ છતાં કેન્દ્ર સરકાર દ્વારા ફરીથી 10 વર્ષથી જૂની રીક્ષાઓ પર આ દંડ લાદવામાં આવી રહ્યો છે. વડોદરા શહેર જિલ્લા રિક્ષા ચાલક યુનિયન બિલાલ પરમારે જણાવ્યું હતું કે, એક રીક્ષા ચાલકનું ફિટનેસ 1 મહિનો મોડું થાય તો 1500 દંડ ભરવો પડે છે.

ઘણા કિસ્સામાં દંડની રકમ રીક્ષાની કિંમત કરતાં પણ વધી જાય છે. કોરોના બાદ માંડ આર્થિક સ્થિતિ બેઠી થઈ છે. ત્યાં આવા દંડથી રીક્ષા ચાલકોની કમર તૂટી જશે તેવી ભીતિ વ્યક્ત કરવામાં આવી છે. યુનિયનની અરજીને ધ્યાને લઈ હાઈકોર્ટ ઓફ ગુજરાતે કેન્દ્ર સરકાર સહિતના જવાબદાર વિભાગોને નોટિસ પાઠવી છે અને 1 મહિનાની અંદર ખુલાસો રજૂ કરવા આદેશ કર્યો છે. રીક્ષા ચાલકોમાં આશા બંધાઈ છે કે, અગાઉની જેમ આ વખતે પણ હાઈકોર્ટ આ દંડને ગેરકાયદેસર જાહેર કરી સ્ટે આપશે અને હજારો ગરીબ રીક્ષા ચાલકોને રાહત મળશે.

# નર્મદાની નહેરોમાંથી સિંચાઈ માટે કાલથી પાણી છોડવામાં આવશે

**ખેડૂતો,** ધારાસભ્યો અને સાંસદોની રજૂઆત બાદ રાજ્ય સરકારે લીધો મહત્વપૂર્ણ નિર્ણય

નર્મદા યોજનાના પાણીના જથ્થાની સમીક્ષા બાદ વહેલી તકે સિંચાઈ શરૂ કરવાનો નિર્દેશ

(પ્રતિનિધિ) વડોદરા તા.9

રાજ્યના ખેડૂતોના હિતને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આગામી 11 જૂન, ગુરુવારથી નર્મદા નહેરોમાંથી સિંચાઈ માટે પાણી છોડવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. નર્મદા કમાન્ડ વિસ્તારના ધારાસભ્યો અને સાંસદોએ ખેડૂતોને સમયસર સિંચાઈનું પાણી ઉપલબ્ધ કરાવવા વહેલું પાણી છોડવાની રજૂઆત કરી હતી.

આ રજૂઆતને ધ્યાને લઈ મુખ્યમંત્રીએ નર્મદા યોજનાના વરિષ્ઠ અધિકારીઓની ઉચ્ચસ્તરીય બેઠક બોલાવી નર્મદા ડેમ અને નહેરોમાં ઉપલબ્ધ પાણીના જથ્થાની સમીક્ષા કરી હતી. બેઠક દરમિયાન ખેડૂતોના ઉભા પાક અને આવનારી ખેતીની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને નક્કી કરાયેલા સમયપત્રક કરતાં વહેલા પાણી છોડવાનો નિર્ણય લેવાયો હતો. મુખ્યમંત્રીએ અધિકારીઓને 11 જૂનથી નર્મદા યોજનાની નહેરોમાં સિંચાઈ માટે પાણી છોડવાની કાર્યવાહી હાથ ધરવા સ્પષ્ટ સૂચના આપી હતી. રાજ્યના અનેક જિલ્લાઓના ખેડૂતોને આ નિર્ણયથી મોટી રાહત મળશે અને ખેતીકાર્યોને વેગ મળશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

બેઠકમાં સરદાર સરોવર નર્મદા નિગમના અધ્યક્ષ મુકેશ પૂરી, પાણી પુરવઠા વિભાગના વરિષ્ઠ અધિકારીઓ તથા નર્મદા યોજનાના સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


**આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ**

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસ: ઓફિસ નંબર 501 અને 503, 5મો માળ, લાઇટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ સબર્બન (જિલ્લો), એમ.એચ. 400072

વડોદરા શાખા: યુનિટ નંબર SF-201, બીજો માળ, સિલ્વર ફોર્ચ્યુન બિલ્ડિંગ, જૈન મંદિર પાસે, અકોટા ગાય સર્કલ રોડ, અકોટા, વડોદરા, ગુજરાત-390020

**માંગણી નોટિસ**

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002ની કલમ 13(2) હેઠળ, સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3(1) સાથે વાંચતા.

અધહસ્તાક્ષરકર્તા, સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 (ઉક્ત અધિનિયમ) હેઠળ આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL)ના અધિકૃત અધિકારી છે. ઉક્ત અધિનિયમની કલમ 13(12) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 સાથે વાંચતા અધિકૃત અધિકારીએ ઉક્ત અધિનિયમની કલમ 13(2) હેઠળ માંગણી નોટિસો જારી કરી છે, જેમાં નીચે જણાવેલા લોનધારક(ઓ) ("ઉક્ત લોનધારક(ઓ)") ને તેમની સામે જારી કરાયેલી સંબંધિત માંગણી નોટિસ(ઓ)માં દર્શાવેલ રકમ ચૂકવવા માટે કહેવામાં આવ્યું છે, જે નીચે પણ આપવામાં આવેલ છે. ઉપરોક્તના સંદર્ભમાં, ઉક્ત લોનધારક(ઓ) ને આ નોટિસના પ્રકાશનના 60 દિવસની અંદર, અહીં નીચે દર્શાવેલ રકમ, ઉક્ત માંગણી નોટિસ(ઓ)માં વિગતવાર જણાવ્યા મુજબના વધુ વ્યાજ સાથે, નીચે દર્શાવેલ તારીખ(ઓ)થી ચૂકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી, જે લોન કરાર અને ઉક્ત લોનધારક(ઓ) દ્વારા સહી કરાયેલા અન્ય દસ્તાવેજો/લેખિતો (જો કોઈ હોય તો) હેઠળ ચૂકવવાપાત્ર છે, તે AHFLને ચૂકવી દેવા માટે આથી ફરી એકવાર નોટિસ આપવામાં આવે છે. લોનની યોગ્ય પુનઃચુકવણીની સુરક્ષા તરીકે, ઉક્ત લોનધારક(ઓ) દ્વારા અનુક્રમે નીચેની અસ્કયામતો AHFL પાસે ગીરો મૂકવામાં આવી છે.

| ક્રમ નં. | લોનધારક / સહ-લોનધારક અને જામીનદારનું નામ | માંગણી નોટિસની તારીખ અને રકમ | સુરક્ષિત અસ્કયામતોનું વર્ણન (સ્થાવર મિલકત) |
|---|---|---|---|
| 1 | (લોન કોડ નં. 03810000695 / વડોદરા શાખા) વિમલકુમાર ગુપ્તા (લોનધારક) વૈશાલીબેન ગુપ્તા (સહ-લોનધારક) | 03-06-2026 ₹ 21,64,499/- | મોજે - કંજરી, તા - હાલોલ, જિ - પંચમહાલ, ગુજરાત 389350 ખાતે આવેલી ઘર \ પ્લોટ નં. 25, ગ્રાઉન્ડ ફ્લોર, ગજાનંદ રેસીડેન્સી, હાલોલ ગોધરા રોડ વાળી મિલકતનો તમામ ભાગ અને હિસ્સો. ચતુર્સીમા: પૂર્વ- ઘર નં. 26, પશ્ચિમ- ઘર નં. 24, ઉત્તર- 6 મીટર પહોળો રસ્તો, દક્ષિણ- કોમન પ્લોટ |

જો ઉક્ત લોનધારકો ઉપરોક્ત મુજબ AHFLને ચૂકવણી કરવામાં નિષ્ફળ જશે, તો AHFL અધિનિયમની કલમ 13(4) અને લાગુ પડતા નિયમો હેઠળ ઉપરોક્ત સુરક્ષિત અસ્કયામતો સામે આગળની કાર્યવાહી કરશે, જેનો સંપૂર્ણ ખર્ચ અને પરિણામોનું જોખમ ઉક્ત લોનધારકોનું રહેશે. ઉક્ત લોનધારકોને AHFLની પૂર્વ લેખિત સંમતિ વિના, વેચાણ, લીઝ અથવા અન્ય કોઈપણ રીતે ઉપરોક્ત અસ્કયામતોની ફેરબદલી કરવા પર આ અધિનિયમ હેઠળ પ્રતિબંધ છે. કોઈ પણ વ્યક્તિ જે ઉક્ત અધિનિયમ અથવા તે હેઠળ બનાવેલા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે અથવા ઉલ્લંઘન કરવા માટે પ્રેરિત કરે છે, તે અધિનિયમમાં જોગવાઈ કર્યા મુજબ જેલની સજા અને/અથવા દંડ માટે પાત્ર રહેશે.

સ્થળ: ગુજરાત, તારીખ: 10.06.2026

સહી/- અધિકૃત અધિકારી

વતી: આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ